રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પવટ-૩૧૦૫-૧૧૭-આર
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૯-૧૧-૨૦૦૫.

**પરિપત્ર ::-**

સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ ના ઠરાવથી !!જગા આધારિત!! રોસ્ટર રજીસ્ટર અમલમાં આવેલ છે. તદઅનુસાર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦-૬-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ પવટ- ૩૧૦૦- ૨૪૯-૨ તથા તા.૨૧-૫-૨૦૦૫ ના સરખા ક્રમાંકના પરિપત્રથી રોસ્ટર રજીસ્ટર સાથે જોડવાનું તારીજ- પરિશિષ્ટ-૩ મુજબ નિયત કરવામાં આવ્યું છે. જેમાં અન્ય અનામત સંવર્ગોની સાથે શારીરિક ખોડ ખાંપણવાળા ઉમેદવારો માટેની અનામતના કોલમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૨-૨૦૦૦ ના જાહેરનામાંની જોગવાઇ મુજબ સરકારી સેવાઓ અને જગાઓમાં શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓ માટે ૩ ટકા જગાઓ અનામત રાખવામાં આવી છે. આ અનામતની જોગવાઇ ઉમેરણીય પ્રકારની (Additive in nature ) છે. આથી સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૫-૨૦૦૨ ના ઠરાવની જોગવાઇ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં દર્શાવવાનો રહે છે. વિકલાંગ ઉમેદવારો પણ અન્ય ઉમેદવારોની સાથે અરજી કરી શકે તે માટે ભરતી અંગેની જાહેરાત સમયે વિકલાંગ માટે કેટલી જગાઓ અનામત રાખવામાં આવી છે તેની સંખ્યા અન્ય જગાઓની સાથે અચૂક દર્શાવવાની રહેશે. વળી વિકલાંગો માટેની જગાઓ ત્રણ ભરતી પ્રસંગ સુધી આગળ ખેચ્યા બાદ, ન ભરાય તો રદ થયેલી ગણાશે.

૩. આમ વિકલાંગો માટેની અનામતની જોગવાઇ ઉમેરણીય પ્રકારની છે. ફક્ત જાહેરાત આપવા માટે જ આ અનામતની ગણતરી કરવાની રહે છે. પરંતુ ઉમેદવાર ઉપલબ્ધ થયે તેને ફક્ત વિકલાંગની કેટેગરીમાં જ નહિ પરંતુ તે જે કેટેગરીનો ઉમેદવાર હોય તેમાં દર્શાવવાના રહે છે. આથી રોસ્ટર રજીસ્ટર સાથે જોડવાના તારીજ પરિશિષ્ટ-૩ માં શા.ખો.ખાં.ની વિગતો ટકાવારીની ગણતરી માટે દર્શાવવાની રહેતી નથી. પરંતુ પરિશિષ્ટ-૩ માં જ શારીરિક ખોડ ખાંપણવાળા ઉમેદવારોની ભારવાપાત્ર જગાઓ, ભરેલી જગાઓ તથા વધ કે ઘટની વિગતો અલગથી દર્શાવવાની રહે છે.

⟹

૪. તદનુસાર રોસ્ટર રજીસ્ટર સાથે જોડવાનું સુધારેલ તારીજ આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ સામેલ કરવામાં આવે છે. તે નમૂનામાં દરેક સંવર્ગના રોસ્ટર રજીસ્ટરમાં આ તારીજમાં વિગતો ભરી સક્ષમ અધિકારીની સહી સિકકા સાથે રજીસ્ટરમાં જે તે સંવર્ગવાર તૈયાર કરી ચોંટાડવાનુ રહેશે. વધુમાં રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થવા સારુ આ વિભાગને મોકલતા પહેલાં આ સાથેના પત્રક ક થી પત્રક-ગ માં પણ વિગતો ભરીને રોસ્ટર રજીસ્ટર સાથે સક્ષમ અધિકારીની સહિ સિકકા સાથે સામેલ કરવાની રહેશે.

૫. સચિવાલયના સર્વે વિભાગો તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા, બોર્ડ, કોર્પોરેશન, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળા-મહાશાળાઓ, વિશ્વવિદ્યાલયો, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ તથા સરકારશ્રી તરફથી સહાયક અનુદાન મેળવતી તમામ સંસ્થાઓના ધ્યાન પર આ વિગતો લાવવા અને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. એસ. ડામોર )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણ: (૧) પરિશિષ્ટ-૩
(૨) પત્રક- ક થી પત્રક -ગ

પ્રતિ,

- સચિવાલયના સર્વે વિભાગો સચિવાલય, ગાંધીનગર (દસ નકલો સાથે) તેમના વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન, યુનિર્વસિટીઓ, મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓ તથા સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે.
- સચિવાલયના સર્વે વિભાગોના રોસ્ટર સંપર્ક અધિકારી અને નાયબ સચિવ(મહેકમ
- સર્વે કલેકટશ્રીઓ
- વિભાગના સર્વે ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન
- સામાન્ય વહીવટ વિભાગ/ગ.૪ શાખા
- સિલેકટ ફાઇલ.

આર-૦૪/ ૧૭-૧૧-૦૫ .

સામાન્ય વહીવટ વિભાગના તા.૮/૩/૯૯ના ઠરાવ ક્રમાંક:પવસ-૧૦૯૯-૮૭૮-ગ-૪- અન્વયે

જગ્યાઓ આધારીત ( Posts based ) રોસ્ટર રજીસ્ટર.

o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o

- X ખાતાનું/કચેરીનું નામ :-
- X સચિવાલયમાં વિભાગનું નામ :-
- X સંવર્ગનું નામ :- વર્ગ :-
- X સંવર્ગનું પગાર ધોરણ :-
- X સંવર્ગનું કુલ સંખ્યા બળ :-

X.........................વિભાગના તા................ના જાહેરનામાં ક્રમાંક:........................થી.........................જગ્યાના ભરતીના નિયમો પ્રસિધ્ધ થયેલ છે, જેના અમલની તારીખ..................છે.

- X ભરતી નિયમો અનુસાર તા.............થી સીધી ભરતી અને બઢતીનું નિયત થયેલ પ્રમાણ ( Ratio ) ...............છે.
- X ભરતી નિયમોમાં વખતો વખત થયેલ સુધારાની વિગતો :-
- X સીધી ભરતી અને બઢતીના નિયત ભરતી પ્રમાણ મુજબ :-
- \- સીધી ભરતીના ફાળે જતી કુલ જગ્યાઓની સંખ્યા :-
- \- બઢતીના ફાળે જતી કુલ જગ્યાઓની સંખ્યા :-
- X સીધી ભરતીના ફાળે જતી કુલ જગ્યાઓમાં સા.વ.વિ.ના તા.૮/૩/૧૯૯૯ના ઠરાવની જોગવાઈઓ મુજબ જે તે જાતિ વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પ્રતિનિધીત્વ જાળવવા માટે ભરવા પાત્ર જગ્યાઓની સંખ્યા.

  અનુસૂચિત જાતિ :-
  અનુસૂચિત જન જાતિ :-
  સા. અને શૈ.પ.વર્ગો :-
  શારીરીક ક્ષતિવાળા :-
  બીન અનામત :-

  ---

  કુલ :-

- X બઢતીના ફાળે જતી કુલ જગ્યાઓમાં સા.વ.વિ.ના તા.૮/૩/૧૯૯૯ના ઠરાવની જોગવાઈઓ મુજબ જે તે જાતિ વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પ્રતિનિધીત્વ જાળવવા માટે ભરવા પાત્ર જગ્યાઓની સંખ્યા.

  અનુસૂચિત જાતિ :-
  અનુસૂચિત જન જાતિ :-
  બીન અનામત :-

  ---

  કુલ :-

- X સંવર્ગની જગ્યાના સંખ્યાબળમાં તા.૮/૩/૯૯ બાદ થયેલ વધારો/ઘટાડો.

-/( પરિશિષ્ટ-૧૩ )/-

પરિશિષ્ટ-૨

## ચેક લીસ્ટ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સામાન્ય વહિવટ વિભાગના તા. ૮-૩-૯૯ ના ઠરાવ અન્વયે જગ્યા આધારિત રોસ્ટર રજીસ્ટરો તૈયાર કર્યા છે ? જો હા તો, ક્યા સંવર્ગ ના છે ?<br>વિભાગ / ખાતા કચેરીનું નામ.<br>૧.સંવર્ગનું નામ<br>૨.વર્ગ<br>૩.સંવર્ગનું મંજુર સંખ્યાબળ(૨૦% કાપ બાદ)<br>૪.ભરતીનિયમોની તારીખ અને નામ નંબર<br>૫.સીધી/ભરતીઅને બઢતીનું પ્રમાણ<br>૬.ભરાયેલ જગ્યા..........અને ખાલી જગ્યા.......<br>૭ ફીડર કેડરની જગ્યાનું નામ અને વર્ગ | | | | |
| ૨ | સામાન્ય વહીવટ વિભાગ ના તા.- ૩૧/૧૨/૯૯ ના પરિપત્ર મુજબ રોસ્ટર રજીસ્ટરના પ્રથમ પાને નિયત કરેલ પત્રક લગાડેલ છે. જો હા તો તેની નકલ બિડવી. | | | | |
| ૩ | જગ્યાની ભરતી / બઢતી રાજ્ય કક્ષા એ કે જીલ્લા કક્ષાએ થાય છે. | | | | |
| ૪ | રોસ્ટર રજીસ્ટર ક્યા પરિશિષ્ટમાં બનાવેલ છે? પરિશિષ્ટમાં દર્શાવેલ ક્રમાંક મુજબ જાતિ અંકિત કરેલ છે ? | | | | |
| ૫ | સીધી ભરતીના છેલ્લા બે પ્રયત્નો/ બઢતીમાં છેલ્લા ત્રણ પ્રયત્નો, ક્યારે કરેલ છે. (જે તારીખે પ્રયત્નો કરેલ હોય તે સ્પષ્ટ પણ દર્શાવવી ) | સીધી ભરતી | | બઢતી | |
| | | ૧ | | ૧ | |
| | | ૨ | | ૨ | |
| | | | | ૩ | |
| ૬ | ભરાયેલ જગ્યામાં કઈ જાતિ વર્ગના પ્રતિનિધિત્વ માં ઘટ આવે છે ? | અ.જા | અ.જ.જા | સા.શૈ.પ.વ. | સા.જાતિ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ભરાયેલ જગ્યામાં કઈ જાતિ વર્ગના પ્રતિનિધિત્વ માં બેકલોગ આવે છે ? | અ.જા | અ.જ.જા | સા.શૈ.પ.વ. | શા.ક્ષતિ |
| | | | | | |
| ૮ | ભરાયેલ જગ્યામાં ભરતી અને બઢતીમાં અનામત ની કુલ ટકાવારી ૫૦ ટકા કરતાંવધી જાય છે ? જો હા તો કેટલા ટકા વધુ છે ? જગ્યાઓ ની સંખ્યા કેટલી છે? કઈ જાતિ/ વર્ગની છે. | અ.જા | અ.જ.જા | સા.શૈ.પ.વ. | શા.ક્ષતિ |
| | | | | | |
| | | | | | |
| ૯ | તા. ૧૬–૩–૯૬ પછી બેકલોગની જગ્યા ઓ પર સામાન્ય વર્ગના ઉમેદવારોને નિમણૂંક આપેલ છે ? જો હા તો જગ્યા નું નામ, ઉમેદવારનું નામ, જાતિ/વર્ગ અને નિમણૂંક ની તારીખ દર્શાવવી, અને નિમણૂંક માટેનાં સંજોગો / કારણો | | | | |
| ૧૦ | મંજુર કરાયેલ જગ્યા કરતાં વધુ ઉમેદવારો નિમણૂંક પામ્યા હોય તો રજીસ્ટરમાં સંખ્યાધિક યાદી તરીકે દર્શાવેલ છે? જો હા તો જગ્યાઓની સંખ્યા કેટલી | | | | |
| ૧૧ | રોસ્ટર રજીસ્ટરો આપના વહિવટી વિભાગ ના સંપર્ક અધિકારીએ ક્યારે પ્રમાણિત કર્યા છે? | | | | |
| ૧૨ | બેકલોગની જગ્યા ભરવાનું શું આયોજન છે ? તેની વિગતો | | | | |
| ૧૩ | તા. ૮/૩/૯૯ પછી બેકલોગ ની કેટલી જગ્યાઓ ભરાઈ છે ? | | | | |
| ૧૪ | રોસ્ટર રજીસ્ટરમાં સંવર્ગમાંની યાદી બાદ નીચે તારીજ દર્શાવવી જેમાં જાતિવાર, પ્રમાણ ઘટ / બેકલોગ સ્પષ્ટપણે દર્શાવવામાં આવે. | | | | |

તારીખ :–
કચેરીનું નામ

વહીવટી વિભાગ / ખાતા /કચેરીના
વડાની સહી :
નામ :
હોદ્દો :

[illegible]

# પ રિ શિ ષ્ટ-૩
## તારીજ

કચેરીનું નામઃ
વહીવટી વિભાગનું નામઃ

લાગુ પાડેલ ટકાવારી
અનુ.જાતિ
અનુ.જનજાતિ
સા.શૈ.પછાતવર્ગ

સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ અને તા.૫-૯-૨૦૦૦ ના ઠરાવ અન્વયે જગ્યા આધારિત તૈયાર કરવામાં આવેલ રોસ્ટર રજીસ્ટર પરથી તૈયાર કરવામાં આવેલ તારીજ : (તા. ............................. અંતિત).

(૧) જગાનું નામ : (૨) વર્ગ :
(૩) સંવર્ગમાં મંજુર થયેલ જગ્યા : (૪) ૨૦ ટકા કાપમાં રદ થતી જગ્યા :
(૫) ૨૦ ટકા કાપબાદ ભરવાપાત્ર જગ્યા : સીધી ભરતી ............... બઢતી ..............
(૬) ખરેખર ભરાયેલ જગ્યા સીધી ભરતી ...........અથવા બઢતી ............પરથી નીચેના કોલમોમાં વિગતો ભરવી. (ભરવાપાત્ર જગ્યાઓ કરતા વધુ જગ્યાઓ તારીજ માટેની ગણત્રીમાં લેવી નહી)

| ક્રમ | વિગત | અનુ.જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ.પ.વ. | બીન અનામત |
|---|---|---|---|---|---|
| ૧ | ભરવાપાત્ર જગ્યા | | | | |
| ૨ | ભરાયેલ જગ્યા | | | | |
| ૩ | આ પૈકી મેરીટના ધોરણે ભરાયેલ જગ્યા | | | | |
| ૪ | તફાવત (વધ/ઘટ) | | | | |
| ૫ | કોલમ નંબર-૪ પૈકી બેકલોગ | | | | |

સીધી ભરતીમાં ૨ ભરતી પ્રસંગો તથા બઢતીમાં ૩ બઢતી પ્રસંગો બાદ ન ભરાયેલ અને આગળ ખેંચાતી જગ્યાઓને બેકલોગ તરીકે દર્શાવી છે.

| | |
|---|---|
| શા.ખો.ખાં.થી ભરવાપાત્ર જગ્યાઓ | |
| આ પૈકી ભરેલી જગ્યાઓ (કેટેગરી પ્રમાણે) | |
| તફાવત(વધ કે ઘટ) | |

શારીરિક ખોડખાંપણ વર્ગની ઘટ ત્રણ ભરતી પ્રસંગો સુધી આગળ ખેંચવાની રહે છે, ત્યારબાદ બેકલોગ બનતો નથી.

રોસ્ટર રજીસ્ટર તપાસ્યા છે. અને પ્રમાણિત કરવામાં આવે છે.

સા.વ.વિ.ધ્વારા ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આધારે જિલ્લા કક્ષાના રોસ્ટર ક્રમાંક નકકી કરવામાં આવે તે ફેરફાર આધિન પ્રમાણિત કરવામાં આવે છે.

સક્ષમ અધિકારીની સહી અને તારીખ.

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી નામ અને તારીખઃ
ખાતુઃ
વિભાગઃ

આર.૦૪/૧૭-૧૧-૦૫ .

# પત્રક- ક

મંજુર થયેલ કુલ :      જગાઓમાં વિભાગે રાખવાની થતી અનામત જગાઓની વિગતો દર્શાવતું પત્રક :

| ક્રમ | સંવર્ગ | વર્ગ | મંજુર થયેલ કુલ જગાઓ | સીધી ભરતી અને બઢતીનો રેસીયો | પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સીધી ભરતીમાં | | | | | | બઢતીમાં | | | |
| | | | | | SC | ST | SEBC | PH | GEN | Total | SC | ST | GEN | Total |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને તારીખ :
ખાતુ / વિભાગ:

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

R.PL .૧૭-૧૧-૦૫ .

<u>પત્રક-ખ</u>

સીધી ભરતી / બઢતીથી હાલમાં ભરાયેલ કુલ :        જગાઓમાં અનામત વર્ગોના પ્રતિનિધિત્વની વિગતો દર્શાવતું પત્રક :

| ક્રમ | સંવર્ગ | વર્ગ | ભરાયેલ કુલ જગાઓ | સીધી ભરતીથી ભરાયેલ જગાઓમાં રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા. A | | | | | | ખરેખર સીધી ભરતીથી ભરાયેલ જગાઓમાં હાલમાં અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ. B | | | | | | A+B (+)વધારો (-) ઘટાડો (*)બેક્લોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC | PH | GEN | Totl | SC | ST | SEBC | PH | GEN | Total | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| | | | | | | | | | | | | | | | | |
| બઢતી : | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને તારીખ :
ખાતુ / વિભાગ:

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

ol .૧૭-૧૧-૦૫ .

## પત્રક- ગ

**ભરાયેલી જગાઓમાં ગુણવત્તાના ધોરણે પસંદગી પામેલ ઉમેદવારો તથા શારિરીક ખોડખાંપણ ધરાવતા કર્મચારીઓ તથા મહિલાઓ અને માજી સૈનિકોની જાતિવાર વિગતો :**

| ક્રમ | વિગત | સંવર્ગ / વર્ગ | ભરાયેલ કુલ જગાઓ | પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતી | | | | | બઢતી | | |
| | | | | SC | ST | SEBC | GEN | Totl | SC | ST | Total |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ગુણવત્તાના ધોરણે પસંદગી પામેલ | | | | | | | | | | |
| ૨ | શારીરિક ખોડ ખાંપણવાળા | | | | | | | | | | |
| ૩ | મહિલાઓ | | | | | | | | | | |
| ૪ | માજી સૈનિકો | | | | | | | | | | |

હાલમાં સંવર્ગમાં અનામત વર્ગોના કુલ પ્રતિનિધિત્વની વિગતો.

| ક્રમ | મંજુર થયેલ કુલ જગ્યાઓ | હાલ ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | SC | ST | SEBC | PH | woman | EX.SERVICE MAN |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને તારીખ :
ખાતુ / વિભાગ:

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

PL .૧૭-૧૧-૦૫ .

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૩/૦૮/૨૦૧૧ નાં ઠરાવ ક્રમાંકઃ—સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નુ બિડાણ પત્રક.

વિકલાંગ વ્યક્તિઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટરનો નમુનો.

| ભરતીનું વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોક્કસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત (×) | નિમણૂંક અપાયેલ વ્યક્તિનું નામ અને નિમણૂંકની તારીખ | નિમણૂંક પામેલ વ્યક્તિ VH/HH/OH કે કોઈ નહીં (××) | રિમાર્ક્સ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ VH | શ્રવણની ખામી HH | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા OH | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(×) જો જગ્યા VH / HH / OH માટે અનામત હોય તો સંબંધિત કોલમમાં દર્શાવવી, અન્યથા બિનઅનામતના કોલમમાં દર્શાવવી.

(××) નિમણૂંક પામેલ વ્યક્તિ VH / HH / OH કે અન્ય છે તે બાબત સ્પષ્ટ રીતે દર્શાવવી.

## પરિશિષ્ટ –૧

રોસ્ટર રજીસ્ટર તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ.

| | |
|---|---|
| (૧) | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૪/૮૩ ના ઠરાવક્રમાંક:પવટ/૧૧૮૩/૮૨૫/ગ–૩ ના પરિશિષ્ટ–૧માં જણાવ્યા મુજબ ના સીધી ભરતી અને બઢતી માટેના નમૂના પ્રમાણેના રોસ્ટર રજીસ્ટરો તૈયાર કરવાં. |
| (૨) | જ્યાં બઢતીમાં અનામત લાગુ પડે છે. ત્યાં સીધી ભરતી અને બઢતીનાં અલગ– અલગ રોસ્ટર રજીસ્ટો બનાવવાનાં રહેશે. |
| (૩) | દરેક સંવર્ગવાર અલગ–અલગ રજીસ્ટરો બનાવવાં |
| (૪) | નવા રજીસ્ટરના પ્રથમ પાને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૧૨/૯૯ ના પરિપત્રક્રમાંક: પવસ/૧૬૯૬/૮૭૮/ભ–૪ ના ફકરા ૩ માં જણાવ્યા મુજબના પત્રકમાં તમામ વિગતો દરેક સંવર્ગવાર ભરી ચોટાડવું ( પત્રકની નકલ સામેલ છે.) |
| (૫) | રોસ્ટર રજીસ્ટરમાં ક્રમાંકો( Points) ની સંખ્યા સંવર્ગમાં જગ્યાઓને સંખ્યા જેટલી જ રાખવાની રહેશે એટલે કે મંજુર થયેલ જગ્યા જેટલો ક્રમાંકોનું રજીસ્ટર બનાવવાનું રહેશે. |
| (૬) | સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૯/૨૦૦૦ ના ઠરાવક્રમાંક: પવસ/ ૧૬૯૬/ ૮૭૮ / ભાગ –ગ૪ ના પરિશિષ્ટ ૨થી ૬ હેઠળ નિયત થયેલ નવા ક્રમાંકો મુજબ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાનો રહેશે. |
| (૭) | તા. ૧/૪/૭૮ પહેલા નિમાયેલ સા.અને શૈ.પ.વ. ઉમેદવારો બિન અનામત ગણવાના રહે છે. સાથે સાથે સા.અને.શૈ.પ.વ. માં જાતિ નો સમાવેશ જે તારીખથી કરવામાં આવ્યો હોય ત્યારથી જે તે જાતિને અનામતમાં ગણવાની રહેશે. |
| (૮) | મંજુર થયેલ જગ્યા જેટલું રજીસ્ટર પૂર્ણ થયા બાદ જે ક્રમાંકની જગ્યા ખાલી પડે તે ક્રમાંક પુન : વાપરવાનો છે. આ માટે રજીસ્ટરમાં વિગત નોંધવા માટેની આદર્શ પધ્ધતિ દરેક નામ પછી ચાર લીટી જેટલી જગ્યા છોડવી અથવા રજીસ્ટરમાં મંજુર થયેલ જગ્યા પછી ફરીથી પુન : વાપરેલ રોસ્ટર ક્રમાંક દર્શાવવો . |
| (૯) | કર્મચારીની બઢતી જિલ્લા ફેરબદલી નિવૃતિ, રાજીનામું,મુત્યુ જેવી વિગતો તારીખ સહ વિશેષ નોંધમાં બતાવવાની રહેશે. |
| (૧૦) | કોઈ સંવર્ગમાં બઢતીથી ખેંચાતી અનામત જગ્યા સીધી ભરતીથી ભરવામાં આવે ત્યારે તેનું નામ સીધી ભરતીના રજીસ્ટરમાં લખવું અને વિશેષ નોંધમાં બઢતીનાં અનામત ક્રમ સાગે સરભર કરી છે. તેમ દર્શાવવું. |
| (૧૧) | સીધી ભરતીમાં ૨ પ્રસંગો થી તથા બઢતીમાં ૩ પ્રસંગો થી આગળ ખેંચાતી અનામત જગ્યા " બેકલોગ " તરીકે ગણવાની રહે અને ત્યાં સુધી તે જગ્યા ' ઘટ ' તરીકે ગણવાની રહેશે. |
| (૧૨) | (૧) જે વર્ષમાં ભરતી થયેલ ના હોય (૨) રહેમરાહે નિમણુંક થયેલ હોય (૩) જિલ્લા ફેરબદલી થી નિમણુંક થયેલ હોય (૪) એક સંવર્ગમાંથી બીજા સંવર્ગમાં સમાવિષ્ટ કરેલ હોય તો તે બેકલોગની હેતુ માટે ભરતી પ્રસંગ ગણાશે નહિ. |
| (૧૩) | મંજુર થયેલ મહેકમના ૨૦ % કાપ બાદની જગ્યા ધ્યાને લઈ બેકલોગની ગણતરી કરવાની રહે છે. જ્યાં ૨૦ % કાપની મુકિત મળેલ હોય તેવા કિસ્સામાં આ બાબત લાગુ પડશે નહિ. |
| (૧૪) | સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૯/ ૨૦૦૦ ના ઠરાવક્રમાંક: પવસ/૧૬૯૬/ ૮૭૮/ભા.ગ,૨ . ગ,૪ થી ૧૯૯૧ ની વસ્તી ગણતરીના આધારે અનુસુચિત જનજાતિ (ST) ની વસ્તીની ટકાવારી ધ્યાને લઈ સીધી ભરતી અને બઢતીની નિમણુકમાં અનુસુચિત જનજાતિ માટેની હાલની ૧૪ % ની અનામત ટકાવારીમાં ૧ % નો વધારો કરી ૧૫ % કરવામાં આવેલ છે. અનુસુચિતજનજાતિ માટેની ટકાવારીના આ ફેરફારનો અમલ રાજ્યકક્ષાએ કરવાનો રહે છે. જિલ્લાકક્ષાએ અનુસુચિત જનજાતિ માટેની હાલની ટકાવારીમાં કોઈ વધારો કરવાનો રહેતો નથી. જ્યારે સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક જી.એ.એસ/૨૦૦૦/૪/સી આર આર / ૧૦૯૪–૧૬૫૪–ગ૨ થી શારીરિક ક્ષતિ ધરાવતા ઉમેદવારો માટે અનામતની ટકાવારી ૩ % નિયત કરવામાં આવેલ છે. તેનો રાજ્યકક્ષાએ તથા જિલ્લા કક્ષાએ અમલ કરવાનો રહે છે. |

| | |
|---|---|
| (૧૫) | જિલ્લા કક્ષાએ વર્ગ.૩ તથા વર્ગ.૪ ની જગ્યામાં ટકાવારીનું ધોરણ જયાં અલગ અલગ હોય ત્યાં તે ધોરણ ધ્યાને લેવાનું રહેશે. |
| (૧૬) | જે તે સંવર્ગમાં મંજૂર થયેલ જગ્યા કરતાં વધુ જગ્યા હોય તો તેવી જગ્યાને સંખ્યાધિક" જગ્યાં તરીકે દર્શાવવી. |
| (૧૭) | રજીસ્ટરમાં તમામ કોલમોમાં વિગતો ભરવી., જેવી કે :-<br>(૧) ભરતી પ્રસંગો દર્શાવવા– ભરતીનું વર્ષ લખવું<br>(૨) નિમણુંકની તારીખ ક્રમાનુસાર લખવી<br>(૩) અનામત વર્ગની સરભર થયેલ જગ્યા બતાવવી<br>(૪) અનામત વર્ગની ઘટ–બેકલોગ દર્શાવવી.<br>(૫) અધિકારી/કર્મચારી સંવર્ગ છોડી જાય તેની તારીખ સહિતની વિગતો વિશેષ નોંધમાં લખવી.<br>(૬) અધિકારી / કર્મચારીની જાતિ દર્શાવવી. |
| (૧૮) | નાના સંવર્ગના કેસમાં (૧૪ જગ્યાઓ સુધી ) સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૫/૯/૨૦૦૦ ના ઠરાવક્રમાંકઃપવસ/૧૬૯૬/૮૭૮/ભાગ–૨/ગ,૪ ના પરીશિષ્ટ.૪ અને પરિશિષ્ટ.૬ માં જણાવ્યા મુજબના રોસ્ટર ક્રમાંકો અનુસરવા આ જગ્યાઓ સામે પ્રારંભિક ભરતી જે વર્ગ કે જેમના માટે જગ્યા અંકિત કરેલ હોય તે વર્ગથી ભરવાની રહેશે. |
| | રોસ્ટર રજિસ્ટરના અંતે નોંધવું જોઈએ કે અનામત વર્ગો માટે અદાલતો દ્વારા કરાયેલ ૫૦ % ની મર્યાદાનું ઉલ્લંઘન કર્યા સિવાય તેમના માટે અનામત રાખવાની જગ્યા સુધી પહોંચવા આવશ્યક સંખ્યાબિક સમાવેશ નો નિચોડ (Squeezing) કરવામાં આવેલ છે. |
| (૨૦) | દરેક રજીસ્ટરમાં સંવર્ગના અંતે તારીજ કાઢવી તથા નિયત નમૂનામાં તારીજ લગાવવી. જેમાં સક્ષમ અધિકારીની સહી સિક્કા કરાવવા અને કચેરીનો સિક્કો લગાવવો. |
| (૨૧) | કોઈ પણ સંવર્ગમાં ભરતી/ બઢતી પ્રસંગે રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવવાનાં રહેશે. |
| (૨૨) | અનામત વર્ગના ઉમેદવારો સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય એ જ ધારેણે પસંદગી પામેલા હોય એવાજ ઉમેદવારોને બિનઅનામત જગ્યા સામે ગણતરીમાં લેવા સામાન્ય વહીવટ વિભાગની તા.૨૪/૧/૨૦૦૦ ના પરિપત્રક્રમાંકઃપવસ/૧૦૯૯/મુખ/૧૩/ગ,૪ મુજબની સ્પષ્ટતા ધ્યાનમાં લેવાની રહે છે. |
| (૨૩) | સામાન્ય વહીવટ વિભાગની તા.૨૧/૧/૯૬ અને તા.૩૦/૯/૯૪ ના ઠરાવોથી નિયત થયેલ જીલ્લાકક્ષાની ટકાવારી હાલ પ્રવર્તમાન છે. |
| (૨૪) | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગો માટે તા.૧/૫/૯૪ થી ૨૭ % જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરેલ હોવાથી આ વર્ગોની ટકાવારીમાં વધારો થયેલ છે. આમ તે સમય પછી ભરતી પ્રસંગ ઉદભવેલ ન હોવાથી વણપુરાયેલી જગ્યા બેકલોગ તરીકે નહી પણ ઘટ તરીકે જ ગણવાની રહેશે. |
| (૨૫) | યુનિવર્સીટીઓ, નગરપાલીકાઓ,મહાનગરપાલીકાઓ તથા એક થી વધારે જીલ્લામાં જેનુ કાર્યક્ષેત્ર વિસ્તરેલ છે તવી રીજીઓનલ કચેરીઓમાં રાજયકક્ષાની અનામતની ટકાવારીની પ્રથા ચાલુ રહે છે. |

એનઓટી.પેજ.૧૨૭/૧૨૮/૧૩/૩/૦૧